શેખ સાદીની બોધકથાઓ

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેખ સાદીની બોધકથાઓ

સંપાદક
મુકુલભાઈ કલાર્થી

66 ગ
૫૬

ગુજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... 66 ज / 46

पञ्जिका संख्या..... 22362

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૩૨૩૬૩

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી ચકુભાઈ સ્મારક ગ્રંથમાળા પુ૦-૧૭

શેખ સાદીની બોધકથાઓ

પ્રમાણીકરણ ૧૯૮૪-૧૯૮૫

સંપાદક
મુકુલભાઈ કલાથી

CHE[illegible] 1973
Initial .....

પ્રકાશક તરફથી ભેટ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

સર્વ હક ગૂજરાત વિદ્યાપીઠને સ્વાધીન છે.

પહેલી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦



આઠ આના
પચાસ નયા પૈસા

ઑક્ટોબર, ૧૯૫૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

આ બોધકથાઓના મૂળ લેખક શેખ સાદી ઈરાન દેશમાં ઈ. સ. ૧૧૮૪ના અરસામાં થઈ ગયા. તે ઈરાનના એક મહાત્મા કે સાધુપુરુષ તરીકે જાણીતા થયા છે. તે કવિ તથા ફિલસૂફ પણ હતા. તેમના જીવન વિષે પ્રમાણભૂત માહિતી બહુ મળતી નથી. જે કંઈ મળે છે એમાં સાચી કેટલી એ તારવવું મુશ્કેલ થઈ પડે છે.

તોયે તેમના બે ગ્રંથો 'ગુલિસ્તાન' અને 'બોસ્તાન' તેમની શક્તિનો સારો પરિચય આપે છે. આ ગ્રંથો મૂળ ફારસી ભાષામાં છે. દુનિયાની અનેક ભાષાઓમાં તે ઊતર્યા છે. ઈરાનના પ્રજાજીવનના ઘડતરમાં આ બે ગ્રંથોનો ફાળો અત્યંત મહત્ત્વનો મનાય છે. નાના નાના સચોટ ટુચકાઓ દ્વારા શેખ સાદીએ, આ બે ગ્રંથોમાં રાજ્ય-કર્તાઓને, સામાન્ય લોકોને ઉચ્ચ ઉપદેશ આપ્યો છે. જેમ આપણે ત્યાં પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ જગતના કલ્યાણ અર્થે રાજાઓને અને પ્રજાઓને ઉપદેશ આપતા હતા, તેમ ઈરાન દેશમાં ફકીર વગેરે સાધુપુરુષો રાજા તેમ જ પ્રજાના જીવનમાં કેવો અગત્યનો ફાળો આપતા હતા, એનો ખ્યાલ શેખ સાદીની બોધકથાઓ પરથી મળે છે.

'ગુલિસ્તાન' અને 'બોસ્તાન' એટલે ફૂલવાડી. અને સાચે જ આ સુવાર્તાઓ માનવતાની વાડીનાં મનોરમ્ય પુષ્પો જેવી છે. એમની સુવાસ જાણે કદી ખૂટતી જ નથી!

આવું બોધપ્રદ સાહિત્ય જગતના જુદા જુદા પ્રદેશમાં પ્રજાજીવનને ઘડવામાં અત્યંત ઉપયોગી થઈ પડે છે. આપણા દેશમાં 'પંચતંત્ર', 'હિતોપદેશ' વગેરે ગ્રંથો જાણીતા છે. યુરોપમાં 'ઈસપની વાતો' પણ આવી જ બોધદાયક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આપણા આ દૃષ્ટિએ શેખ સાદીની બોધકથાઓ ઉપકારી થશે એમ માનીને એમના બે ગ્રંથોમાંથી પસંદગી કરીને 'લોકજીવન'માં શ્રી. મુકુલભાઈએ ક્રમે ક્રમે પ્રસિદ્ધ કરી હતી. તે હવે પુસ્તકરૂપે આપી છે. બાળકો, નવશિખાઉ પ્રૌઢો, તથા સામાન્ય સ્ત્રીપુરુષો — સૌને આ વાર્તાઓ વાંચવી ગમશે એમ માનું છું.

૯–૧૦–'૫૭

અનુક્રમણિકા

પ્રકાશકનું નિવેદન	૩
શેખ સાદીની બોધકથાઓ	૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેખ સાદીની બોધકથાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧

એક વાર હું દમાસ્કસમાં એક ઔલિયાની કબર પાસે બેસીને બંદગી કરતો હતો. થોડી વાર પછી એક બાદશાહ ત્યાં આવ્યો. તે અરબ દેશનો હતો અને ભારે અત્યાચારી હતો. થોડો સમય તેણે પણ બંદગી કરી. પછી ઊઠતાં ઊઠતાં તેણે મને કહ્યું: "હે ફકીરબાબા, હું આજકાલ મારા એક બળવાન દુશ્મનથી ત્રાસી ગયો છું! તે મને ઘડીભર પણ જંપવા દેતો નથી. આપ મહેરબાની કરી એ દુશ્મનથી મને બચાવવા માટે ખુદા આગળ પ્રાર્થના કરો."

મેં કહ્યું: "દુશ્મનથી બચવા માટે તમે તમારી પ્રજા ઉપર જ રહેમ-નજર રાખો."

૨

એક વાર એક અત્યાચારી બાદશાહ એક સાધુપુરુષ પાસે જઈને પૂછવા લાગ્યો: "ફકીરબાબા, મારે માટે કઈ ઉપાસના ઉત્તમ છે?"

સાધુએ શાંત સ્વરે કહ્યું: "તમારે માટે તો બપોર સુધી ઊંઘ્યા કરવું એ જ સૌથી સારું છે. કારણ કે એટલો વખત તમારી પ્રજા તમારા જુલમથી બચશે અને એ લોકોને કોઈ પજવશે નહીં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

એક વાર લોકોએ એક મોટા વિદ્વાનને પૂછ્યું : "બાબા, આપ આટલા મોટા વિદ્વાન શી રીતે થયા ?"

વિદ્વાને જવાબ આપ્યો : "ભાઈઓ, હું જે વસ્તુ જાણતો નહીં હોઉં તે બીજા કોઈને પણ પૂછતાં કદી શરમાતો નથી તેથી. તમે જો રોગથી મુક્ત થવા માગતા હો, તો કોઈ સારા જાણકાર વૈદ્યને તમારી નાડી બતાવો. જે વાત તમે ન જાણતા હો, એ વિષે કોઈને પૂછવામાં લજ્જા ન પામો કે આળસ ન કરો. કારણ કે એ સરળ રીતથી જ તમે યોગ્યતાની સીડી પર પહોંચી જશો."

૪

એક રાજાના તાબામાં એક ખૂબ જ મજબૂત કિલ્લો હતો. તે એક મોટા પહાડની ટોચ ઉપર આવ્યો હતો. તેમાં રહેતા લોકોને કોઈથી ડરવા જેવું ન હતું. એ કિલ્લાના રસ્તાઓ એવા તો વાંકાચૂકા અને અટપટા હતા કે, બહુ બળવાન દુશ્મન પણ થાપ ખાઈ જાય.

એક વાર એ રાજાને ત્યાં એક બહુ અનુભવી અને જ્ઞાની મુસાફર આવી ચડ્યો. રાજાએ તેને પોતાનો એ કિલ્લો બતાવીને ગર્વથી પૂછ્યું : "તમે ઘણી ઘણી જગ્યાએ મુસાફરી કરી આવ્યા છો. તો તમારા અનુભવ ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કહો કે, આના જેવા મજબૂત કિલ્લો તમે કયાંય જોયો છે ખરો ?"



પેલા જ્ઞાની મુસાફરે રાજાના મનનો ભાવ સમજી જઈને કહ્યું : "આપનો આ કિલ્લો સારો તો છે. પરંતુ એ એના માલિકને બહુ આધાર અને રક્ષણ આપતો હોય, એમ મને લાગતું નથી ! શું આ કિલ્લો આપના હાથમાં આવ્યો એ પહેલાં બીજા રાજાઓના તાબામાં તે ન હતો ? અને તમારા ગયા પછી એ શું બીજા રાજાઓના હાથમાં નહીં જશે ?"

૫

એક દિવસ ખલીફા હારુન અલ રશીદનો એક કુંવર ગુસ્સાથી રાતોપીળો થઈ જઈને એમની પાસે આવીને કહેવા લાગ્યો : "બાબાજાન, મને આપણા એક સિપાહીના છોકરાએ ખરાબ ગાળો ભાંડી !"

ખલીફાએ ગંભીર અવાજે પોતાના સલાહકારોને પૂછ્યું : "બોલો, આ બાબતમાં તમારું શું માનવું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
એક મંત્રી કહે: "જહાંપનાહ, એવા કટ્ટર ચોકરાની તો જીભ જ કાપી નાખવી જોઈએ!"

બીજો કહે: "અરે ગરીબનવાજ, એવાને તો ફાંસીને માંચડે જ લટકાવવો જોઈએ."

બીજા મંત્રીઓએ પણ એવી જ મતલબનું કહ્યું.

એ સાંભળીને ખલીફા બોલ્યા: "બેટા, તારે માટે સારું તો એ જ છે કે તેને તું માફ કર. અને જો એટલી રહેમદિલી તારામાં ન હોય તો તું પણ તેને સામી ગાળો ભાંડ!"

૬

મને બરોબર યાદ છે કે, હું નાનો હતો ત્યારે એક વાર હું આખી રાત કુરાન પઢતો બેઠો હતો. તે વખતે મારી બાજુમાં કેટલાક માણસો પડ્યા પડ્યા મોટેથી ઘોરતા હતા.

મેં મારા અબ્બાજાનને આ જોઈને કહ્યું: "બાબા, જુઓને, આ લોકો કેવા છે! ખુદાને નમાજ પઢવી એ તો બાજુએ રહી. પણ કોઈ માથુંયે ઊંચું કરતું નથી!"

આ સાંભળીને પિતાજી બોલ્યા: "બેટા, તું પણ આ લોકોની માફક ઊંઘી ગયો હોત તો ઘણું સારું થાત, જેથી તું બારકાની નિંદા તો ન કરત!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭

એક વાર સાંજની વેળાએ એક ડોસો પોતાને મુકામે જતો હતો. એવામાં તેનો ગધેડો કાદવવાળી જમીનમાં ખૂંચી ગયો.

તેણે એ ગધેડાને બહાર કાઢવા ઘણ પ્રયત્ન કર્યો. પરંતુ ગધેડો બહાર નીકળી શક્યો નહીં. ઊલટો તે કાદવમાં વધારે ને વધારે ખૂંચવા લાગ્યો!

આ જોઈને પેલો ડોસો હતાશ બની ગયો. ધીમે ધીમે રાત વધતી જતી હતી. વરસાદ પડ્યે જતો હતો. તેથી ઠંડક પણ વધારે હતી. ડોસો નિરુપાય બની સવાર સુધી ત્યાં જ બેઠો. પરંતુ થાક તેમ જ ત્રાસને લીધે તે ચીડિયો બની ગયો; અને પોતાના નસીબને તથા તે પ્રદેશના રાજાને ગાળો ભાંડવા લાગ્યો; જાણે કે રાજાએ જ આ બધી મુશ્કેલી ઊભી ન કરી હોય?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના સેવકો સાથે એ જ રસ્તે થઈને નીકળ્યો. તેણે પેલા ડોસાનું બોલવું સાંભળ્યું. એ સાંભળીને રાજા ગુસ્સે થઈ જઈને પોતાના સેવકોને પૂછવા લાગ્યો : "આ ડોસો શેનો લવારો કરે છે? એ મારા પર શા માટે ઊકળી ઊઠ્યો છે?"

એક સેવકે કહ્યું : "રાજાજી, એને સીધોદોર કરી દો. તલવારથી એનું માથું જ ઉડાવી દો. એમ કરવાથી જ એની ભૂંડી જીભ લવરી કરતી બંધ થશે."

રાજાએ ફરીથી પેલા ડોસા તરફ જોયું તો તેને સમજાયું કે, તે ખૂબ ઘરડો હતો અને તેનો ગધેડો કાદવમાં ખૂંચી ગયેલો હતો! રાજાને તેની દયા આવી. તેણે એ એ ડોસાને મદદ કરવા પોતાના સેવકોને હુકમ કર્યો. એટલે થોડી વારમાં જ ગધેડો બહાર નીકળી ગયો. રાજાએ તે ડોસાને કશી સજા કરવાને બદલે થોડું નાણું આપ્યું, ઓઢવા માટે ગરમ ડગલો આપ્યો અને બેસીને સુખેથી જવા માટે ઘોડો આપ્યો.

પછી રાજા ત્યાંથી જરા દૂર ગયો; એટલે કેટલાક સેવકો ડોસાને કહેવા લાગ્યા : "અરે મૂરખ ડોસા, તું આજે મોતના મોંમાંથી આબાદ બચી ગયો! તારો વર્તાવ જ એવો ભૂંડો હતો કે તને કોઈ સજા કર્યા વિના આમ જવા ન દે."

એ સાંભળીને ડોસો વધારે ચિડાઈને બોલ્યો : "હવે રહેવા દો તમારું ડહાપણ! હું જે કંઈ બોલતો હતો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બરોબર જ હતું. રાજાએ તો પોતાની પ્રતિષ્ઠાને શોભાવે એવું કર્યું છે. પોતાની આબરૂ ગુમાવ્યા વિના મને એ બીજું શું કરી શકવાનો હતો?"

ડોસાનું આવું બોલવું સાંભળી સેવકોને થયું: 'બરેબર, ભૂંડાની સામે ભૂંડાઈ વાપરવી સહેલી છે. પરંતુ સારો માણસ જ બૂરાઈનો બદલો ભલાઈથી આપે છે. અરે, આ ભૂંડો ડોસો તો પોતાના તરફ બતાવેલી ભલાઈને પણ જોઈ શકતો નથી!'

૮

એક વાર એક રાજવીએ આવીને એક ફકીરબાબાને પૂછ્યું: "સાંઈબાબા, આપ કદી મને યાદ કરો છો બરા?"

ફકીર બોલ્યો: "હા, જ્યારે હું ખુદાને ભૂલી જાઉં છું, ત્યારે તમે યાદ આવો છો!"

૯

ઈરાનનો બાદશાહ નૌશેરવાન ન્યાયી રાજા તરીકે જાણીતો છે. એક દિવસ તે જંગલમાં શિકાર કરવા ગયો હતો. ત્યાં રસોઈ તૈયાર કરવામાં નિમકની જરૂર પડી.

બાદશાહ નૌશેરવાને એક નોકરને કહ્યું: "પાસેના ગામમાં જઈને નિમક લઈ આવ. પણ અલ્યા જોજે, પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આપ્યા વગર ન લાવતો. નહીં તો આખું ગામ ઉજ્જડ થઈ જશે!"

નોકરે નવાઈ પામીને પૂછ્યું : "જહાંપનાહ, ચપટી જેટલું નિમક લાવતાં આખું ગામ શી રીતે ઉજ્જડ થઈ જાય?"

નૌશેરવાન બોલ્યો : "જો રાજા પોતાની રૈયતની વાડીમાંથી એક ફળ તોડીને ખાય, તો નોકર લોકો આખું ઝાડ એનાં મૂળિયાંની સાથે ઉખેડીને ખાઈ જાય!"

૧૦

એક સાધુપુરુષ સંસારની માયા છોડીને જંગલમાં જઈને રહેતો હતો. એક વાર એ રસ્તે થઈને રાજાની સવારી નીકળી. પેલા સાધુપુરુષને એની શી પડી હોય? તેણે એ તરફ કશું ધ્યાન ન આપ્યું.

આ જોઈને રાજાનો એક પ્રધાન એ સાધુપુરુષ પાસે આવીને કહેવા લાગ્યો : "તમે કેવા વિચિત્ર માણસ છો! આપણા રાજા અહીંથી પસાર થાય છે અને તેમને તમે સલામ પણ ભરતા નથી?"

સાધુપુરુષે શાંતિથી કહ્યું : "ભાઈસાહેબ, તમારા રાજાને કહેજો કે સલામની આશા તેની પાસેથી રાખો જેને તમારી જરૂર હોય. આટલું યાદ રાખજો કે રાજા પ્રજાનું રક્ષણ કરવા માટે છે, નહીં કે પ્રજા રાજાને સલામ ભરવા માટે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

૩૨૩૬૩
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૧

એક વાર એક રાજા વહાણમાં બેસી સફરે નીકળ્યો હતો. એવામાં એકાએક પવન જોરથી ફૂંકાવા લાગ્યો અને મોજાં ઊંચે ઊછળીને વહાણની અંદર પછડાવા લાગ્યાં. આમ તો વહાણ ડૂબે એવું નહોતું; એટલે બધા ઉતારુઓ નિશ્ચિંત હતા.

પરંતુ રાજાની સાથે એક ગુલામ હતો. તે વહાણને આમ ઝોલાં ખાતું જોઈને ગભરાઈ ગયો અને મોટેથી બરાડા પાડી રોકકળ કરવા લાગ્યો. વહાણમાં બેઠેલા બીજા નોકરો તેને ખૂબ સમજાવવા પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ તે ગુલામ કોઈ પણ હિસાબે છાનો રહ્યો નહીં. રાજા પણ તેના બૂમબરાડા સાંભળીને કંટાળી ગયો.

એવામાં તે વહાણમાં મુસાફરી કરતા એક ચતુર માણસે રાજા પાસે આવીને કહ્યું : "રાજાજી, જો આપ રજા આપો, તો હમણાં આ ગુલામને છાનો રાખું."

રાજાએ ખુશીથી તેને એમ કરવાની રજા આપી.

રજા મળતાં પેલા ચતુર માણસે કેટલાક ખલાસીઓને એક બાજુએ બોલાવીને કશુંક કહ્યું. એટલે પેલા ખલાસીઓએ તરત જ પેલા ગુલામને ઉપાડીને દરિયામાં નાખી દીધો અને તેના માથાના વાળ ઝાલી રાખીને તેને પાણીમાં ઝબકોળ્યા કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



પેલો ગુલામ તો ડૂબવાના ભયે ખૂબ બેબાકળો બની ગયો. તેણે ઝડપથી વહાણનું પાટિયું પકડી લીધું અને આજીજી કરતાં કહ્યું: "મને બચાવો! હવે બૂમાબૂમ નહીં કરું!"

એટલે ખલાસીઓએ તેને વહાણમાં પાછો લઈ લીધો. તે તો ધ્રૂજતો ધ્રૂજતો પોતાની જગ્યાએ આવીને લપાઈને બેઠો અને જરા પણ અવાજ કરવા ન લાગ્યો.

પોતાના ગુલામને આમ શાંત પડેલો જોઈને રાજાએ નવાઈ પામી પેલા ચતુર માણસને બોલાવ્યો અને તેનું કારણ પૂછ્યું.

ચતુર માણસે હસતાં હસતાં કહ્યું: "રાજાજી, એ ગુલામે ડૂબવાથી કેટલી પીડા થાય છે તેનો અનુભવ કદી કર્યો ન હતો; તેથી જ વહાણ ઉપર તેની કેટલી સુરક્ષિતતા હતી એનો તેને ખ્યાલ ન હતો. એટલે જ દરિયામાં જરા તોફાન થતાં તે બૂમાબૂમ કરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પરંતુ જ્યારે તેને દરિયામાં ફેંકીને થોડા ઝોલા બબડાવ્યાં ત્યારે તેને આ બધું સમજાયું. એ જ રીતે માણસ જ્યારે સુખમાંથી એકદમ દુઃખમાં આવી પડે છે ત્યારે જ તેને સુખની સાચી કિંમત સમજાય છે."

૧૨

એક બાદશાહ મરણપથારીએ પડ્યો હતો. છેલ્લા શ્વાસ ચાલી રહ્યા હતા. એવામાં એક ઘોડેસવાર દોડતો દોડતો ત્યાં આવીને એક કિલ્લો જિતાયાની ખુશખબર આપવા લાગ્યો.

બાદશાહે આંખ ઊંચી કરીને કહ્યું: "હવે મરણ સમયે આવી ખબર મારા માટે નહીં, પણ મારા વારસદારો માટે સુખકારક થઈ શકે છે."

૧૩

એક ફકીર એક રાજાને ત્યાં મહેમાન તરીકે ગયો હતો. જ્યારે તે રાજાએ એને જમવા બેસાડ્યો, ત્યારે એ ફકીરે બહુ જ ઓછું ખાધું.

થોડી વાર પછી નમાજ પઢવાનો વખત થયો, ત્યારે ફકીરે બહુ લાંબા સમય સુધી ખુદાની બંદગી કરી, જેથી તેના સાધુપણાની રાજા ઉપર ઊંડી અસર પડે.

રાજાને ત્યાંથી તે પોતાને ઘેર આવ્યો. રાજાને ત્યાં તેણે બહુ ઓછું ખાધું હતું, એટલે તે ભૂખથી આકુલવ્યાકુલ થઈ ગયો હતો. ઘેર આવીને તરત જ તે જમવા બેસી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોઈને તેના દીકરાએ પૂછ્યું : "બાબા, આપ રાજાજીને ત્યાંથી આવો છો. તો શું તેમણે આપને જમાડ્યા વિના જ પાછા મોકલ્યા ?"

ફકીર બોલ્યો : "ના, બેટા, રાજાજીએ મને ખૂબ પ્રેમથી જમાડ્યો હતો. પરંતુ મેં જાણી જોઈને ખૂબ જ ઓછું ખાધું, જેથી રાજાજી ઉપર મારા તપસ્વી જીવનની સારી છાપ પડે. વળી એ જ કારણે મેં નમાજ પણ લાંબા વખત સુધી પઢી હતી."

આ સાંભળીને દીકરાએ કહ્યું : "તો પછી બાબા, આપ જમી પરવારીને ફરીથી નમાજ પઢજો; કારણ કે જેમ ત્યાંનું ભોજન આપનું પેટ ભરી શકયું નથી, તેમ ત્યાંની લાંબી નમાજ પણ આપને માટે અધૂરી જ ગણાય."

૧૪

ખુરાસાનનો એક બાદશાહ ખૂબ બીમાર પડી ગયો. કેટલાય હકીમોએ તનતોડ મહેનત કરી. છેવટે તેઓ પણ થાકી ગયા. પરંતુ તેમને લાગ્યું કે, છેલ્લે છેલ્લે એક ઉપાય અજમાવી જોઈએ.

એટલે તેઓ બાદશાહને કહેવા લાગ્યા : "જહાંપનાહ! અમને હજી એક ઉપાય અજમાવવા દો. અમે કહીએ તેવા રૂપરંગનો છોકરો અમને લાવી આપો. તેના શરીરના અમુક અવયવમાંથી અમે તમને દવા બનાવી આપીશું."

ખૂબ શોધ કર્યા પછી એક જમીનદારના છોકરામાં એ બધા ગુણ જોવા મળ્યા. તે છોકરાનાં માતપિતાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બાદશાહે ઘણું ધન આપી છોકરો ખરીદી લીધો. રાજ્યના કાજી સાહેબોએ પણ પોતાનો ચુકાદો આપી દીધો કે, 'રાજાજીના જાન બચાવવા ખાતર કોઈ માણસનો વધ કરવો પડે તો એમાં અન્યાય જેવું કશું નથી.'

એટલે છોકરાને વધસ્તંભ પાસે ખડો કરવામાં આવ્યો. બાદશાહ પણ એ વખતે હાજરી આપવા આવ્યો હતો.

જલ્લાદે છોકરાને કહ્યું: "અલ્યા છોકરા, તારું મોત હવે નજીક આવી ગયું છે! ખુદાને યાદ કરી લે."

છોકરાએ તો આકાશ ભણી નિહાળીને ખડખડ હસવા માંડ્યું!

બાદશાહે આ જોઈને નવાઈ પામી પૂછ્યું: "અલ્યા છોકરા! તારા માથા ઉપર મોત ભમે છે, અને આમ ગાંડાની માફક હસે છે શાનો?"



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હસું છું. માતાપિતાનો પ્રેમ, કાજીનો ન્યાય અને બાદશાહનું પ્રજાપાલન એ સૌએ મારું રક્ષણ કરવાની બાબતમાં હાથ ધોઈ નાખ્યા છે! હવે ઈશ્વર સિવાય મારો કોઈ બેલી નથી. હું ઈશ્વર પાસે તો જવાનો છું જ. તો પછી આવી દયાહીન દુનિયા છોડી જતાં હસું નહીં તો શું કરું?"

આ સાંભળીને બાદશાહનું હૃદય દયાથી ઊભરાઈ ગયું. બાદશાહે તરત જ પેલા છોકરાને છૂટો કરી પૂષ્કળ ધન આપી તેના પિતાને ઘેર વિદાય કર્યો.

૧૫

જ્યારે ઈરાનના બાદશાહ નૌશેરવાનના જીવનની અંતિમ પળો ગણાતી હતી, ત્યારે તેણે પોતાના વારસદાર પુત્ર હરમઝને પોતાની પાસે બોલાવીને કહ્યું: "બેટા, તારી પોતાની સુખસગવડનો વિચાર કદી તું કરતો નહીં; પણ ગરીબ લોકોને શી રીતે રાહત મળે તેનો પહેલો વિચાર કરજે. ભરવાડે ઘેટાંને જેમ તેમ ચરતાં મૂકીને એક બાજુએ ઊંઘતા પડી રહેવાનું નથી, પણ તેણે તો ઘેટાંનું વરુથી રક્ષણ કરવાનું છે. રાજા પ્રજાને માટે જ છે; પ્રજા રાજાને માટે નથી. પ્રજા એ મૂળ છે અને રાજા એ ઝાડ છે. ઝાડ પોતાની બધી શક્તિ મૂળમાંથી જ લે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બાદશાહનો વજીર બહુ ભલો હતો. પરંતુ અમુક કારણોને લીધે બાદશાહ તેના ઉપર નાખુશ થઈ ગયો અને તેણે એ વજીરને જેલમાં પૂરવાનો હુકમ કર્યો.

વજીરના ભલા સ્વભાવને લીધે જેલમાં પણ બધાનો તે માનીતો થઈ ગયો. આ વાતની બાજુના દેશના એક ધનવાન માણસને ખબર પડી. એ શ્રીમંત માણસ આ વજીરનો દોસ્ત હતો. એટલે તેણે વજીર ઉપર એક ચિઠ્ઠી છાનીમાની મોકલાવી. એ ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, "તમને જેલના બધા લોકો ચાહે છે, તો પછી ત્યાં શા માટે પુરાઈ રહ્યા છો? આ તકનો લાભ લઈને તમે અમારે ત્યાં આવી જાઓ અને માનભેર સુખેથી રહો."

વજીરે એ ચિઠ્ઠી વાંચીને સામો જવાબ લખી પેલા માણસને વિદાય કર્યો.

આ વાતની કોણ જાણે કેમ બાદશાહના એક ખુશામતિયાને ખબર પડી ગઈ. તે દોડતો દોડતો બાદશાહ પાસે આવ્યો અને બોલ્યો: "અરે જહાંપનાહ, જરા જુઓ તો ખરા, આપનો પેલો વજીર કેવું કારસ્તાન કરી રહ્યો છે? આપે એને કેદમાં પૂર્યો તોયે એ પોતાની ચાલબાજી છોડતો નથી. પડોશના દેશના કોઈ ધનવાન માણસ સાથે છૂપો પત્રવ્યવહાર તે ચલાવે છે. આપને બાતરી કરવી હોય તો તપાસ કરો."

બાદશાહે તરત જ પોતાના માણસોને ચારે બાજુ મોકલાવીને પેલા ચિઠ્ઠી લઈ જનાર માણસને પકડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બાદશાહે ચિઠ્ઠી વાંચવા માંડી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, "આપે મારા જેવા આપના એક સામાન્ય મિત્ર તરફ આટલો પ્રેમ બતાવ્યો છે એ બદલ હું આપનો આભારી છું. પરંતુ જે રાજ્યનું મેં વર્ષો સુધી નિમક ખાધું છે તેને આવી નજીવી બાબતમાં નિમકહરામ નીવડવું એ મને શોભે નહીં. માટે આપ કહો છો એમ મારાથી થઈ શકે એવું નથી. મને માફ કરશો!"

આખી ચિઠ્ઠી વાંચીને બાદશાહ પોતાની ભૂલ સમજ્યો. તેણે તરત જ જાતે જઈને એ નિમકહલાલ વજીરને જેલમાંથી છૂટો કર્યો અને એને માનભેર પોતાનો વજીર ફરીથી બનાવ્યો.

૧૭

સીરિયા દેશનો સાલેહ નામનો રાજા કોઈ કોઈ વાર વેશપલટો કરીને નગરમાં ફરવા નીકળતો. એક વાર તે એક મસ્જિદમાં જઈ ચડ્યો. ત્યાં બે ફકીરો બેઠા બેઠા વાતો કરતા હતા.

વાતવાતમાં એક ફકીરે કહ્યું: "આ દુનિયામાં બધા રાજાઓ ભોગવિલાસમાં પોતાની જિંદગી પસાર કરે છે. તેઓ જો સ્વર્ગમાં આવશે, તો હું તેમની તરફ નજર સુધ્ધાં કરીશ નહીં. સ્વર્ગ ઉપર સાચો અધિકાર આપણો જ છે. કારણ કે આપણે અહીં કેટલું દુઃખ વેઠીને મુશ્કેલીમાં જિંદગી પસાર કરીએ છીએ અને હંમેશ ખુદાનું નામ લઈએ છીએ. દોસ્ત, જો આ દેશનો રાજા સાલેહ પણ ભૂલેચૂકે સ્વર્ગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વતી તેને મારી મારીને સીધોદોર કરી મૂકીશ.”

સાલેહ આ વાત સાંભળીને પોતાના મહેલમાં ગયો અને સાંજે તેણે બેઉ ફકીરને રાજદરબારમાં બોલાવ્યા. સાલેહે તેમને ખૂબ માન આપ્યું, ઊંચે આસને બેસાડ્યા અને ખૂબ ધન આપી ખુશ કર્યા.

ફકીરો તો રાજાનું આવું ઉદાર વર્તન જોઈને નવાઈ પામ્યા. એક ફકીરે પૂછ્યું: “રાજાજી, તમે અમારી કઈ વાતથી અમારા ઉપર આટલા બધા રહેમદિલ બન્યા છો?”



રાજાએ નમ્રભાવે કહ્યું: ‘ફકીરબાબા, હું કંઈ એવો માણસ નથી જે ભોગવિલાસમાં ભાન ભૂલી જઈ નબળાની તથા સાધુજનની સેવા કરવાનું વીસરી જાય. તમે મારા વિષે જે અભિપ્રાય બાંધ્યો છે એ તમારા દિલમાંથી મહેરબાની કરી ભૂંસી નાખો. સ્વર્ગમાં મને જોડા મારવાની વાત

પુસ્તકાલય
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
માંડી બેઠો છું એટલું યાદ રાખીને પણ મારે સારુ સ્વર્ગનાં બારણાં બંધ કરશો નહીં!"

૧૮

એક માણસે બીજા માણસને ખૂબ ખૂબ ગાળો દીધી.

એ સાંભળીને બીજો માણસ બોલ્યો: "તમે કહો છો એના કરતાં પણ હું વધારે ખરાબ છું; કારણ કે મારામાં રહેલા બીજા કેટલાય દુર્ગુણોને હું તમારા કરતાં વધારે સારી રીતે જાણું છું!"

૧૯

એક વાર હું મારા એક મિત્રને ત્યાં ગયો હતો. મારા મિત્રે મને સ્નાન કરતી વેળાએ સુગંધિત માટી આપી.

માટીમાંથી આવી મનોહર સુગંધ નીકળતી જોઈને મેં માટીને આશ્ચર્ય પામી પૂછ્યું: "અલી માટી, તું છે શું? તું અંબર છે કે કસ્તૂરી છે? તારામાં આવી સુગંધ ક્યાંથી?"

માટી કહે: "ભાઈ, હું તો તુચ્છ માટી જ છું! તમને જે સુવાસ આવે છે, તે તો મારા મિત્ર ગુલાબની સાથે રહેવાનું પરિણામ છે. ગુલાબના સત્સંગથી હું સુગંધિત થઈ છું. એ સિવાય મારામાં બીજું શું હોઈ શકે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૦

કોઈએ એક મહાત્માને પૂછ્યું: "દાન લેવું એ આપ યોગ્ય માનો છો કે અયોગ્ય?"

મહાત્મા બોલ્યા: "જો કોઈ સારું કામ કરવામાં તે વાપરવાનું હોય તો યોગ્ય છે, પરંતુ જો કેવળ ભેગું કરવા માટે કે વેપાર માટે લેવાતું હોય તો તે અયોગ્ય જ છે."

૨૧

એક રાજા એક દિવસ પોતાના થોડાક સેવકો સાથે નગરથી દૂર આવેલા જંગલમાં શિકારે ગયો હતો. ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં અંધારું થઈ ગયું. ઠંડીના દિવસો હતા, એટલે પવન પણ ઠંડો વાવા લાગ્યો.

આખે રસ્તે મકાન જેવું કશું હતું નહીં. જરા આગળ જતાં એક નાનકડું ઝૂંપડું દેખાયું. એ જોઈને રાજાએ કહ્યું: "ચાલો, આપણે પેલા ઝૂંપડામાં રાતવાસો કરીએ. ઠંડી સખત પડે છે. માટે ત્યાં જઈએ તો જરા આરામ રહેશે."

આ સાંભળીને એક સેવકે કહ્યું: "રાજાજી, કંગાળ ભૂતના ઝૂંપડામાં આશરો લેવો એ આપની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા બરોબર છે. આપ જેવા મોટા માણસથી ત્યાં ન જવાય. અમે અહીં જ આપને માટે તંબૂ નાખીએ અને તાપણું કરી આપને રાહત કરી આપીએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



આ વાતની જ્યારે પેલી ઝૂંપડીમાં રહેતા ખેડૂતને ખબર પડી, ત્યારે તે પોતાની પાસે જે કંઈ સાધન-સામગ્રી હતી તેમાંથી સારી રસોઈ બનાવીને રાજા પાસે લઈ ગયો. રાજાજીને નમન કરીને તેણે કહ્યું: "રાજાજી, આપે જો મારી ઝૂંપડીમાં ઉતારો કર્યો હોત તો રાજા તરીકેના આપના મોભાને કશી આંચ ન આવત. આપના સેવકોને આપની પ્રતિષ્ઠા નીચી પડે એનો ડર ન હતો; પરંતુ મારા જેવા સામાન્ય ખેડૂતને ત્યાં આપ જેવા રાજા આવે, તેથી મને પ્રતિષ્ઠા મળે એનો ડર હતો!"

રાજાના મન પર એ ભલા ખેડૂતના બોલની ઊંડી અસર પડી. તેણે તરત જ પોતાનો ઉતારો ત્યાંથી ઉઠાવી લેવાનો હુકમ આપ્યો. પછી પેલા ખેડૂતની ઝૂંપડીમાં જઈને આનંદથી જમીને ત્યાં જ તેણે રાતવાસો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨

મેં એવું સાંભળ્યું છે કે, એક માણસે એક ઘેટાના બચ્ચાને વરુના મોઢામાંથી બચાવ્યું હતું. પછી તે માણસ એ બચ્ચાને ઘેર લઈ જઈ એને મારીને ખાવા માટે એનું ગળું કાપવા તૈયાર થયો!

આ જોઈને પેલું બાપડું ઘેટાનું બચ્ચું બોલ્યું: "મહેરબાન સાહેબ, તમે મને વરુના મુખમાંથી બચાવ્યું તો ખરું; પણ હું અત્યારે જોઉં છું કે તમે પોતે જ વરુ જેવા છો!"

૨૩

એક બાદશાહ જ્યારે આફતમાં આવી પડ્યો, ત્યારે તેણે એવી માનતા લીધી કે, 'જો હું આ આફતમાંથી ઊગરી જાઉં, તો મારા ધનનો અમુક હિસ્સો સાધુસંતોને દાનમાં આપીશ.'

છેવટે તે પેલી આપત્તિમાંથી બચી ગયો. એટલે તેણે પોતાના એક નોકરને રૂપિયાની થેલી આપીને કહ્યું: "શહેરમાં જઈને આટલી રકમ સાધુસંતોને ખેરાત કરી આવ."

નોકર ગયો અને સાંજે પાછો રાજા પાસે આવ્યો. બાદશાહનાં ચરણ આગળ થેલી મૂકી તે સલામ ભરી બોલ્યો: "નામવર, હું આખા શહેરમાં ફરી વળ્યો. પણ આ રૂપિયાનું દાન આપી શકું એવો કોઈ સાધુપુરુષ મને ન મળ્યો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
બાદશાહે આ સાંભળીને ખૂબ નવાઈ પામ્યો. તે બોલ્યો : "અરે, તું કેવો વિચિત્ર માણસ છે! શહેરમાં ચારસો ઉપરાંત સાધુ-વેરાગીઓ હશે, અને તને કોઈ સાધુનો ભેટો જ ન થયો?"

નોકરે અદબથી કહ્યું : "ખુદાવંત, જેઓ સાધુસંત છે તેઓ તો ધનને અડકતા પણ નથી હોતા; અને જેઓ ધનરૂપી માયામાં આસક્ત છે એવા લોકોને સાધુ શાના કહેવાય? તેમને હું શી રીતે ધન આપી શકું?"

૨૪

ડાહ્યો માણસ ધીમે ધીમે ખાય છે.

સાધુપુરુષ અર્ધો ભૂખ્યો રહે છે.

જે યોગી છે તે પોતાનું શરીર ટકાવવા પૂરતું જ ખાય છે.

જુવાન માણસ થાળીમાં જેટલું પીરસવામાં આવે તે બધું જ સફાચટ કરી નાખે છે.

વૃદ્ધ માણસ પરસેવો છૂટે ત્યાં સુધી ખા ખા કરે છે.

પરંતુ અકરાંતિયો માણસ એટલું બધું ખાય છે કે શ્વાસને આવવા-જવાની જગ્યા પણ રહેવા દેતો નથી.

આવા અકરાંતિયા માણસની રાત બેઉ રીતે ઊંઘ વગરની જાય છે. ખૂબ ખાધું હોય તો પેટ સજ્જડ થઈ જવાથી તેની રાત ઊંઘ વિનાની જાય છે; અને જો તેને પૂરતું ખાવાનું ન મળ્યું હોય, તો ભૂખના દુઃખથી તેને ઊંઘ આવતી નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

લયલા અને મજનૂના પ્રેમની વાત સાંભળીને બાદશાહને થયું કે, 'મજનૂ જેવો વિદ્વાન અને દેખાવડો માણસ એવી તે કઈ નારીના પ્રેમમાં પડી પાગલની માફક ભમે છે? લયલાને એક વાર જોઉં તો ખરો, પછી બધો ભેદ સમજાશે.'

આમ વિચાર કરી બાદશાહે લયલાને પોતાની પાસે તેડાવી. બાદશાહ તો લયલાને જોઈને ખૂબ તાજુબ થઈ ગયો! લયલા શ્યામ વર્ણની અને નબળા બાંધાની ઔરત હતી.

બાદશાહને થયું, 'આના કરતાં તો મારે ત્યાં કામ કરનારી સામાન્ય ગુલામડી વધારે ખૂબસૂરત છે.'

પછી બાદશાહે મજનૂની સાન ઠેકાણે લાવવા અને તેને સાચી બીના સમજાવવા તેડાવ્યો.

મજનૂ બાદશાહના દિલની વાત સમજી ગયો. એટલે તે બોલ્યો: "જહાંપનાહ, આપ લયલાને મજનૂની નિગાહથી જુઓ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૬

એક વાર મને એક વેપારી સાથે ભેટો થઈ ગયેા. તેની પાસે ૧૫૦ ઊંટ સામાનથી લાદેલાં હતાં અને ૪૦ જેટલા સેવકેા હતા. તે વેપારીએ મને તેનેા મહેમાન બનાવ્યેા. આખી રાત તે મારી આગળ તેની રામકથા કહેવા લાગ્યેા: "મારેા આટલેા સામાન તુર્કસ્તાનમાં છે; આટલેા સામાન ફલાણા શહેરમાં છે. મારું ઘર અમુક સ્થળે છે. મારી જાગીર બહુ મેાટી છે. મારે હજી મારા વેપારને વધારવેા છે. મારે મિસર, ચીન, હિંદુસ્તાન વગેરે દેશેામાં વેપાર અંગે ફરવાની ઇચ્છા છે. ત્યાર પછી ખૂબ ધન ભેગું કરીને શાંતિથી રહેવાનું મન છે. હમણાં તેા મારા ઉપર કામનેા એટલેા બધેા બેાજો છે કે હું એકાંતમાં શાંતિથી રહી જ શકતેા નથી!"

એ સાંભળી મેં કહ્યું: "આપ પેલા પ્રખ્યાત વેપારીની વાત જાણતા હશેા. તે વેપારી જ્યારે ઘેાડા ઉપરથી ગબડીને મરવા પડ્યેા ત્યારે તેણે ઊંડેા નિસાસેા નાખીને કહ્યું હતું: 'મનની તૃષ્ણાઓને માણસની બે આંખેા સંતેાષી શકે છે અથવા તેા કબરની માટી.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૭

એક રાજાનો ગુલામ એક વાર નાસી ગયો. આ રીતે ગુલામ છાનોમાનો ભાગી જાય એ તે વખતે ઈરાનમાં મોટો ગુનો મનાતો. એટલે રાજાના વજીરે તે ગુલામને પકડી લાવવા સિપાઈઓને ચારે કોર તપાસ કરવા મોકલ્યા. તેમણે ખૂબ જહેમત ઉઠાવીને છેવટે પેલા ગુલામને પકડ્યો અને રાજા પાસે હાજર કર્યો.

રાજાએ પોતાના વૃદ્ધ વજીરને પૂછ્યું : "બોલો, તમે આ નિમકહરામ ગુલામને શી સજા ફરમાવો છો?"

પેલો ઘરડો વજીર આ ગુલામ પર બૂબ નાખુશ હતો. કોઈ પણ હિસાબે તેને પૂરો કરવાની તેની ઇચ્છા હતી. એટલે આવા ગુના બદલ ફટકા કે સખત મજૂરીનું કામ સોંપવાનું હોય, એને બદલે વજીરે કહ્યું: "જહાંપનાહ, આવા બદમાશોની સામે સખત પગલાં ભરવાં જોઈએ. એ હરામખોરને મોતની સજા હું ફરમાવું છું. આવો દાખલો આપણે શરૂમાં બેસાડીએ તો પછી કોઈ પણ ગુલામ માથું ઊંચું કરવાની હિંમત કદી કરશે નહીં."

આ હુકમ સાંભળીને પેલો ગુલામ રાજાને ઘૂંટણિયે પડીને કાકલૂદી કરતો ધ્રૂજતો ધ્રૂજતો બોલ્યો : "ગરીબપરવર, રહેમ કરો; રહેમ કરો! નાસી જવાના ગુના બદલ મોતની સજા ન હોય. હાં, એમ કરો : મને આપ છૂટો મૂકી દો અને હું આ બેરહમ વજીરને જાનથી મારી નાખું. પછી આપ મને પકડીને ખૂનના બદલામાં ખુશીથી ફાંસીને માંચડે ચડાવજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
રાજા થોડી વાર ચૂપ રહ્યો અને ગુલામની ઉપર જરા વિચાર કરીને વજીરને પૂછવા લાગ્યો: "બોલો, તમે આ બાબતમાં શું કહેવા માગો છો?"



વજીર તો ગુલામના શબ્દો સાંભળીને ઠંડોગાર થઈ જ ગયો હતો! એટલે તે નરમ પડીને બોલ્યો: "ખુદાવંત, આપ રહેમદિલ છો. માટે આવા નિમકહરામ ગુલામને માફી આપીને છૂટો કરો! આપના વડવાઓ આમ જ કરતા. એમાં જ આપની પણ શોભા છે."

૨૮

એક વાર જુવાનીમાં મેં મારાં બાને કડવાં વચન કહ્યાં. એ સાંભળીને મારાં બા દુઃખી થયાં અને ઘરને ખૂણે બેસીને રડી પડ્યાં. તે રડતાં રડતાં બોલ્યાં: "બેટા, તું તારું બાળપણ ભૂલી ગયો છે, એટલે જ તારા મોઢેથી મારે આવાં કડવાં વચનો સાંભળવાનો વારો આવ્યો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૯

કારૂન નામના બાદશાહને હજરત મુસાએ ઉપદેશ આપ્યો : "તું ભલાઈ એવી ગુપ્ત રીતે કર, જેવી રીતે ખુદાએ તારી સાથે કરી છે. ઉદારતા તેમાં જ કહેવાય જેમાં નામના મેળવવાની તુચ્છ ઇચ્છા ન હોય, અને તો જ તેનું ફળ પણ મળે છે. ખરા ઉપકારના વૃક્ષની ડાળીઓ આકાશ સુધી પહોંચી શકે છે."

૩૦

રોમ દેશમાં એક મોટા સાધુપુરુષ રહેતા હતા. તેમનાં ખૂબ વખાણ સાંભળીને અમે તેમનાં દર્શને ગયા.

તે સાધુપુરુષે અમને ભાવભર્યો આવકાર આપ્યો અને ઉપદેશની સારી સારી વાતો કહી. પરંતુ તેમણે ખાવાપીવા અંગે કશી પૂછપરછ ન કરી!

રાતે પેલા સાધુપુરુષ પોતાની માળા ફેરવતા ખુદાની બંદગી કરી રહ્યા હતા અને અમે ભૂખના માર્યા ઊંઘ ન આવવાથી પાસાં ફેરવ્યાં કરતા હતા!

બીજે દિવસે સવારે તેમણે અમને સ્નેહભાવથી બોલાવ્યા અને સારાં વચનો સંભળાવવાનું શરૂ કર્યું. પરંતુ અમારામાંના એક આખાબોલા સાથીએ તેમને કહ્યું : "બાબા, આપે અમારો ખૂબ સત્કાર કર્યો. પરંતુ અમારા જેવા અતિથિને સત્કારનાં આવાં ભાવભર્યાં વચનો કરતાં ભોજનની વધારે જરૂર છે. અરે ભલા માણસ, જ્યારે ઘરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અતિથિ તરીકે આવેલા માણસોને ભૂખમાં માંડ ટાઢાં હોય, ત્યારે તમારી આવી ઉપાસના અને સદ્‌ભાવના એ લોકોને શા ઉપયોગમાં આવે?"

૩૧

એક ચતુર જુવાન જ્યારે પંડિતોની સભામાં બેસતો ત્યારે મૌન ધારણ કરતો હતો.

આ જોઈને કેટલાક માણસોએ તેને કહ્યું: "તમે આમ મૂગા કેમ બેસી રહો છો? કયારેક કયારેક કોઈ વિષય ઉપર થતી ચર્ચામાં ભળો તો કેવું સારું?"

તેણે કહ્યું: "જો હું વાતો કરવા લાગું તો, કોઈ વાર એવું બને કે, લોકો વાત વાતમાં એવી કોઈ વાત પૂછે, જેની મને ખબર ન હોય અથવા જે મને આવડતી નહીં હોય; તો પછી હું ખૂબ લજ્જા પામી જાઉં. એના કરતાં મૂગા બેસી રહેવું સારું!"

૩૨

હસન નામના એક મંત્રી ઉપર સુલતાન મહમદ ગઝનીને ખૂબ જ ભરોસો હતો.

એક દિવસ કેટલાક કારભારીઓએ તે મંત્રીને પૂછ્યું: "આજે બાદશાહ સાથે તમને કઈ બાબત ઉપર વાતચીત થઈ? તેમણે એ અંગે તમને શું કહ્યું?"

હસને કહ્યું: "મિત્રો, બાદશાહે તમને જે કહ્યું, તે જ મને પણ કહ્યું હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
અધિકારીઓ બોલ્યા : "ના; એમ નથી. બાદશાહ જે વાત તમને કહે છે, તે અમને કહેતા નથી."

એ સાંભળીને હસને કહ્યું : "જ્યારે બાદશાહ મારા પર વિશ્વાસ રાખીને કોઈ છાની વાત મને કહે છે, ત્યારે એ વાત વિષે તમે મને શા માટે પૂછો છો?"

૩૩

એક વાર એક જુવાન માણસ દરિયાઈ મુસાફરી પૂરી કરીને પોતાના સરસામાન સાથે તુર્કસ્તાનના કિનારે ઊતર્યો. તે સીધો ત્યાંની એક મસ્જિદમાં ગયો અને ત્યાં એક ખૂણો પસંદ કરીને રહેવા લાગ્યો.

હવે એક દિવસ તે મસ્જિદનો વડો ત્યાં આવી પહોંચ્યો. તેણે પેલા જુવાન પાસે જઈને કહ્યું : "અમારી મસ્જિદ અમે ઇચ્છીએ છીએ એટલી ચોખ્ખી રહેતી નથી! માટે તમે તમારી આસપાસ ભેગી થયેલી ગંદકીને કાઢી નાખવાનું રાખો તો સારું."

પેલા જુવાને કશો જવાબ આપ્યો નહીં. પરંતુ એને જે કરવા કહેવામાં આવ્યું હતું એ કામ કરવાને બદલે તે પોતે જ ત્યાંથી ચાલ્યો ગયો. તે પછી એ મસ્જિદમાં તેણે કદી પગ પણ ન મૂક્યો.

આ જોઈને મસ્જિદમાં રહેતા બીજા ભાઈઓ અંદરોઅંદર કહેવા લાગ્યા : "જોયું ને, પેલો જુવાનિયો ભાગી ગયો! બાદશાહેબને વાળવાનું કામ પસંદ ન પડ્યું. તે પોતાને ઝાડુ મારનાર કરતાં ઊંચો ગણતો હશે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



હવે બીજે દિવસે અકસ્માત્ એવું બન્યું હતું કે, મસ્જિદના એક વ્યવસ્થાપકને પેલો જુવાનિયો રસ્તે જતાં સામો મળ્યો હતો. તેણે એને ઊભો રાખીને પૂછ્યું: "અરે જુવાન, તેં સારું કામ ન કર્યું! તું શું જાણતો નથી કે, કામ કરવાથી માણસ નીચે નથી પડતો, પણ ઊંચે ચડે છે?"

પેલા જુવાને અદબથી કહ્યું: "ભાઈ, તમે મને સમજવામાં ભૂલ કરી છે. જે મસ્જિદમાં મેં વાસો કર્યો હતો, ત્યાં મારા સિવાય મને કશું ગંદું ન દેખાયું! તેથી એ પાક જગ્યાને ચોખ્ખી રાખવા માટે હું જ ત્યાંથી જતો રહ્યો."

નમ્રતા એ એક એવી સીડી છે જે દ્વારા માણસ સારાઈનું એક પગથિયું ઊંચે ચડે છે. માણસને નીચે પાડનાર અભિમાન છે, નમ્રતા નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ભક્તજનને એક દિવસ સ્વપ્નું આવ્યું. સ્વપ્નમાં તેણે એક સાધુને નરકમાં જોયો અને એક રાજાને સ્વર્ગમાં જોયો.

સવારે તે જાગ્યો ત્યારે સ્વપ્નમાં જોયેલાં દેખાવથી તે વિમાસણમાં પડી ગયો. તેણે પોતાના ગુરુજી પાસે જઈને સ્વપ્નની વાત તેમને કહી સંભળાવી અને પૂછ્યું: "ગુરુજી, આવી ઊલટી વાત શી રીતે બની હશે?"

ગુરુજીએ કહ્યું: "બેટા, પેલા રાજાને સાધુસંતો સાથે સત્સંગ કરવાનું ખૂબ જ ગમતું હતું, તેથી તેના અવસાન પછી તે સ્વર્ગમાં ગયો અને ત્યાં સાધુસંતો સાથે સમાગમ કરવા લાગ્યો. પેલા સાધુને રાજાઓ તથા અમીરો સાથે ભળવાનું ખૂબ જ ગમતું હતું, તેથી તેની એ વાસના તેને એવા લોકોનો સંગ કરવા માટે નરકમાં લઈ ગઈ!"

૩૫

એક માણસે બીજા કોઈ માણસને પૂછ્યું: "સુલતાન મહંમદ પાસે ઘણી ખૂબસૂરત ગુલામ દાસીઓ છે. પણ સુલતાન જેટલો પ્રેમ આયાઝ ઉપર રાખે છે, તેટલો બીજી કોઈ સ્ત્રી ઉપર બતાવતા નથી. આયાઝ દેખાવમાં પણ ખૂબસૂરત નથી!"

બીજા માણસે જવાબમાં કહ્યું: "જે વસ્તુ દિલને ગમી જાય છે, તે વસ્તુ આંખને પણ સારી જ દેખાય છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં એક વાર એવી વાત સાંભળી છે કે, એક માણસ ડગલે ને પગલે નમાઝ પઢતો હતો. તે આ પવિત્ર કામમાં એટલો તો તલ્લીન બની જતો કે, તેના પગમાં કાંટા ભોંકાઈ જતા એની પણ તેને પરવા રહેતી નહીં.

પોતાની આવી વૈરાગ્યમય દશા જોઈને તેને એક વાર અભિમાન થયું કે, 'આવી કઠિન તપસ્યા મારા સિવાય બીજું કોણ કરી શકે?'

એટલે તરત જ તેણે ગેબી અવાજ સાંભળ્યો: "હે પામર માણસ! તું તારી તપસ્યા માટે અભિમાન મા કર. કોઈના ઉપર દયા કરવી એ ડગલે ને પગલે નમાઝ પઢવા કરતાં ઉત્તમ છે."

૩૭

એક બાદશાહ એક ફકીર પાસે જઈને કહેવા લાગ્યો: "સાંઈબાબા, આપને કશું જોઈતું હોય તો ખુશીથી માગો."

ફકીરબાબા બોલ્યા: "મારી કશી સેવાચાકરી કરવી જ હોય તો મહેરબાની કરીને મારા રસ્તામાંથી બસી જાઓ અને હવે પછી કોઈ વાર અહીં આવીને મને આમ નકામી બલેલ પહોંચાડશો નહીં. મને મારું કામ કરવા દો."

બાદશાહે ફરી કહ્યું: "સાંઈબાબા, મને કશોક ઉપદેશ આપો."

ફકીરબાબા બોલ્યા: "તમારા હાથમાં જે રાજ્ય અને ધન છે એ કોઈ બીજાના હાથમાં જાય એ પહેલાં તેમનો સારા કામમાં ઉપયોગ કરો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ગરીબ માણસ એક વાર એક ધનવાનને ત્યાં કંઈ માગવા ગયો. પેલા ધનવાને એ ગરીબને કશું આપ્યું નહીં અને ઊલટું પોતાના નોકરને એ ગરીબ માણસને ધક્કા મારીને બહાર કાઢવા કહ્યું.

અમુક વરસ વીતી ગયાં પછી પેલો ધનવાન પોતાનું બધું જ ધન વેપારરોજગારમાં ગુમાવી બેઠો. આથી તેના બધા નોકરચાકરો તેને છોડીને ચાલ્યા ગયા. પેલા ધનવાનને ખાવાના પણ સાંસા પડવા લાગ્યા.

આવી ખરાબ હાલતમાં તે ફકીરને વેશે ફરતો ફરતો એક ગૃહસ્થને બારણે ગયો અને ખાવાનું આપવા યાચના કરવા લાગ્યો. પેલા ગૃહસ્થે ઉપરથી પેલા ફકીરને જોયો; એટલે તેણે પોતાના નોકરને બોલાવી ફકીરને કંઈ ખાવાનું આપી આવવા હુકમ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
નોકર એ સાધુને ભોજન આપીને પાછો ફર્યો, ત્યારે તેની આંખમાં આંસુ જોઈને પેલા ગૃહસ્થે પૂછ્યું : "કેમ તું રડે છે?"

નોકર કહે : "શેઠજી, આ ફકીરને જોઈને મારું મન દુઃખથી ભરાઈ ગયું! એક વખતે હું તેમને ત્યાં જ નોકર તરીકે કામ કરતો હતો. આજે તેમની બેહાલ દશા થઈ છે અને તેમને આ રીતે ભિક્ષા માગીને ગુજરાન ચલાવવું પડે છે!"

ગૃહસ્થ એ સાંભળીને બોલ્યો : "ભાઈ, સંસારનું રહસ્ય જ આ છે. હું પણ તે જ ગરીબ માણસ છું, જેને એક વાર તારા એ જ શેઠે તારી પાસે ધક્કો મરાવીને બહાર કાઢી મૂકયો હતો!"

૩૯

એક વાર કેટલાક લોકોએ એક પોપટ અને એક કાગડાને એક જ પાંજરામાં પૂરી દીધા.

પોપટ તો કાગડાની સોબતથી ખૂબ ખૂબ ત્રાસી ગયો. તે બબડતો કહેવા લાગ્યો : "આ કેવું તિરસ્કારપાત્ર પંખી છે! એનો આકાર કેટલો બેડોળ છે, એનું મોં કેવું અપશુકનિયાળ છે અને તેની રીતભાત કેટલી બેહૂદી છે! અરે કાગડા, તારી અને મારી વચ્ચે આસમાન જમીન જેટલો ફરક છે. જો કોઈ તારું મોં સવારના પહોરમાં જુએ તો તેનો આખો દિવસ જ બગડે. તારા જેવું જ કોઈ બીજું કુરૂપ પ્રાણી હોય તો એ તારી સાથે શોભે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Siddhanta eGangotri Gyaan and eGangotri

ભાગ્યે જ હશે.”

પરંતુ આના કરતાં પણ વિચિત્ર વાત તો એ હતી કે, કાગડો પોપટની સોબતથી પોપટ કરતાં પણ વધારે ત્રાસવા લાગ્યો અને તેની સાથે રહેવાનું એને ખૂબ જ અસહ્ય થઈ પડ્યું! તે પોતાના નસીબને દોષ દેવા લાગ્યો અને ચીડમાં પોતાના પંજાને એક બીજા સાથે જોરથી ઘસતો ઘસતો તે બબડવા લાગ્યો: “આ મારું કેવું કમનસીબ છે! આવા જંગલી પ્રાણીની સાથે રહેવાનું મારા ભાગ્યમાં કયાંથી આવ્યું? જો હું વનવગડામાં હોત તો મારા ભાઈબંધ કોઈ કાગડા સાથે કેવો લહેરમાં અહીંતહીં ફરતો હોત! મેં એવાં તે કયાં પાપ કર્યાં છે કે મને આવા મૂરખની સોબતમાં રહેવાની સજા થઈ? આવા તુચ્છ અને શાપરૂપ પંખીની સાથે રહેવા કરતાં મોત વધારે સારું.”

૪૦

એક દિવસ ઈરાન દેશનો દારા નામનો એક બાદશાહ શિકાર કરવા માટે શહેર પાસેના જંગલમાં ગયો હતો. ત્યાં એક શિકારની પાછળ પડતાં તે પોતાના મિત્રોથી વિખૂટો પડી ગયો.

એવામાં એક માણસ તેની તરફ દોડતો દોડતો આવતો તેણે જોયો. બાદશાહને થયું કે, એ માણસ મારો દુશ્મન તો નહીં હોય? એટલે તેણે તરત જ ધનુષ પર બાણ ચડાવીને તેની ભણી તાકયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જોઈને પેલા માણસે જોરથી બૂમ પાડીને કહ્યું: "અરે જહાંપનાહ, થોભો, થોભો! હું કંઈ આપનો દુશ્મન નથી. હું તો આપના ઘોડાઓની સંભાળ રાખનાર નોકર છું અને આપના ઘોડાઓને ચરાવવા અહીં આવ્યો છું."

આ સાંભળીને બાદશાહે કહ્યું: "અરે ભલા માણસ, તું ખરેખર બહુ ભાગ્યવાન છે. નહીં તો અબઘડી તું મોતના મોંમાં પડ્યો હોત!"

નોકરે અદબથી કહ્યું: "ખુદાવંદ, આ બહુ મોટી ખેદની વાત છે કે આપના મિત્રને અને દુશ્મનને આપ ઓળખી શકતા નથી! હું હજારો વાર આપની પાસે આવ્યો છું. આપે ઘોડાઓ વિષે મારી સાથે કેટલીયે વાર વાતચીતો કરી છે. આજે આપ જ મને ઓળખી શક્યા નહીં. હું આપના ઘોડાઓને લાખો ઘોડાઓમાંથી ઓળખી શકું છું; પરંતુ આપ પોતાના માણસોને ઓળખી શકતા નથી!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧

એક માણસે જ્યોતિષ વિદ્યાનું અડધુંપડધું જ્ઞાન મેળવ્યું. પરંતુ તે માનવા લાગ્યો કે, પોતાને જ્યોતિષ જોતાં બરોબર આવડી ગયું છે. તેથી તે એ બાબતમાં અભિમાન કરવા લાગ્યો. તેને થયું કે, આપણા દેશના જાણીતા મોટામાં મોટા જ્યોતિષીની મારે મુલાકાત લેવી જોઈએ અને તેની પાસેથી કશું શીખવાનું બાકી હોય તો શીખી લેવું જોઈએ. એટલે તે મુશ્કેલી વેઠીને પણ પેલા જાણીતા વયોવૃદ્ધ જ્યોતિષીને મળવા લાંબી મુસાફરી કરીને ગયો. પરંતુ પેલા વિદ્વાન જ્યોતિષીએ તેને જોઈને તરત જ મોં ફેરવી દીધું અને તેને જ્યોતિષ અંગે કશું પણ શીખવવાની ચોખ્ખી ના પાડી.

આવા મહાન ગુરુ પાસેથી કશું ન મળવાથી પેલો માણસ બહુ નારાજ થઈ ગયો. અને તે પાછો ફરવાની તૈયારી કરતો હતો, એવામાં જ્યોતિષ-વિદ્યાના પેલા પ્રખર પંડિતે કહ્યું : "ભાઈ, તું એમ માને છે કે તને જ્યોતિષનું પૂરેપૂરું જ્ઞાન મળી ગયું છે. જો આમ જ હોય તો તારું પાત્ર એનાથી છલોછલ ભરેલું છે એમ કહેવાય. તો પછી એમાં બીજું કશું માઈ શકે જ કયાંથી? તું મારી પાસેથી ખાલી હાથે પાછો ફરે છે, કારણ કે તું ગર્વથી ભરેલો છે. મારી પાસે તારે આવવું જ હોય તો ખાલી થઈને મારી પાસે આવ. એમ કરશે ત્યારે જ મારી પાસેથી જ્ઞાન મેળવવા જેટલી જગ્યા તું પામી શકશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૨

બે ભાઈઓ હતા. એક ભાઈ રાજાને ત્યાં નોકરી કરતો હતો અને બીજો ભાઈ જાતમહેનત કરીને રોટી ખાતો હતો. એક ભાઈ દિવસે દિવસે વધારે ને વધારે પૈસાદાર થતો જતો હતો, જ્યારે બીજા ભાઈને ઘણા દિવસ સુધી રોટી જેટલી મજૂરી ન મળતાં ભૂખે પણ રહેવું પડતું હતું.

એક દિવસે પૈસાદાર ભાઈ પોતાના ગરીબ ભાઈને કહેવા લાગ્યો : "તું શા માટે રાજાની નોકરીમાં જોડાતો નથી? તું જો તૈયાર હોય તો અબઘડી તને નોકરી અપાવું. આમ બેહાલ દશામાં રહેવામાં શો સાર છે?"

આ સાંભળીને ગરીબ ભાઈએ જવાબમાં પૂછ્યું : "તમે શા માટે બીજાની નોકરી કરીને દબાયેલા રહો છો? મારી માફક જાતમહેનત કેમ કરતા નથી? આપણા સાધુ-સંતોએ કહ્યું છે કે, સોનાનો પટો પહેરીને કોઈની ચાકરી કરવા કરતાં સૂકો રોટલો ખાઈને રહેવું બહેતર છે; કોઇ રાજાની હજૂરમાં હાથ જોડીને ઊભા રહેવા કરતાં, હાથ વડે રેતી–ચૂનો ભેગાં કરી કંઈ મહેનતનું કામ કરવું સારું. 'હું ઉનાળામાં શું ખાઈશ? શિયાળામાં હું શું પહેરીશ?' એવી નકામી ચિંતા કરવામાં આપણે આ કીમતી જિંદગી બરબાદ કરી દઈએ છીએ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એક ફકીરને કંઈકની જરૂર પડી. એટલે કેટલાક માણસોએ તેને એવી સલાહ આપી કે, અમુક ઠેકાણે એક ધનવાન માણસ રહે છે. એ જરૂર તમારી જરૂરિયાત પૂરી પાડશે. એ તમને કદી નિરાશ કરશે નહીં.

એ લોકોનું સાંભળીને ફકીર પેલા ધનવાનનું ઘર પૂછતો પૂછતો ત્યાં પહોંચી ગયો. પરંતુ ત્યાં જઈને જુએ છે તો તે માણસનો ચહેરો કામના ભારથી કંટાળીને ગુસ્સાથી રોતી સૂરત જેવો બની ગયો હતો! એ જોઈને ફકીર ત્યાંથી પાછો ફર્યો.

એટલે લોકોએ તેને પૂછ્યું: "ફકીરબાબા, કેમ શું થયું? તમે શા માટે ખાલી હાથે પાછા ફર્યા?"



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ફકીર બોલ્યો : "ભાઈ એ, તેનો રોતલ ચહેરો
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જોતાં જ મારું મન ભરાઈ ગયું. કશું માગવાની જરૂર પડે, તો પ્રસન્ન મનવાળા માણસ પાસે જ માગવું. ગુસ્સો કરનાર યા ઉદાસીન માણસ પાસે ન માગવામાં જ સાર છે."

૪૪

એક વાર એક બાદશાહે મરતી વખતે પોતાના અધિકારીઓને એવું ફરમાન આપ્યું કે, મારા મરણ પછી સવારના પહોરમાં જે માણસ શહેરના દરવાજામાં પહેલો દાખલ થાય તેને મારી રાજગાદીએ બેસાડવો.

હવે બન્યું એવું કે એ રાજાના મરણ પછી સવારના પહોરમાં એક ભિખારીએ શહેરમાં પહેલો પ્રવેશ કર્યો. એટલે રાજ્યના અધિકારીઓએ તેને રાજા તરીકે જાહેર કર્યો.

થોડા વખત પછી બાજુના બળવાન રાજાએ તે રાજ્ય પર ચડાઈ કરી અને તેણે એ રાજ્યનો ઘણો ભાગ પોતાના તાબામાં લઈ લીધો. આથી રાજ્યમાં બધે અશાંતિ ફેલાઈ ગઈ. નવો રાજા પણ ચૂબ ચિંતામાં ડૂબી ગયો.

એ દિવસોમાં એક વાર તેનો એક જૂનો મિત્ર તેને મળવા આવ્યો. પેલો મિત્ર ઉમંગભેર બોલ્યો : "દોસ્ત, ખુદાએ તારા પર ભારે રહેમ કરી છે! તું તો મોટા રાજ્યનો માલિક બની ગયો છે."

એ સાંભળીને રાજા બોલ્યો : "ભાઈ, મારા આ ભાગ્ય ઉપર રડ. કારણ કે જ્યારે હું ભિખારી હતો, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મને ઘેરી વળી છે. હવે તો આ ધનીને આખા રાજ્યની ચિંતા મારા પર સવાર થઈ છે અને આ જવાબદારીના ભારથી હું સાવ કચડાઈ ગયો છું! ભાઈ, સંસારની જંજાળમાં જે ફસાયો તે માર્યો ગયો સમજવો. અહીંનું સુખ એ દુઃખ જેવું જ છે. હવે મારી આંખો સામે ચોખ્ખું જણાય છે કે, સંતોષ જેવું સુખ બીજા કશામાં નથી."

૪૫

એક વાર એક કુટુંબનાં બધાં માણસો ભેગાં થઈને આનંદથી વાતચીત કરતાં હતાં અને હસાહસ પણ કરતાં હતાં. એવામાં એક ફકીર ત્યાં અતિથિ તરીકે આવી ચડ્યો.

ફકીર બાપડો ખૂબ જ ભૂખ્યો હતો અને થાકેલો પણ ખૂબ હતો. એટલે તે આ લોકોના હાસ્યવિનોદમાં શી રીતે રસ લઈ શકે?

ફકીરબાબાને આમ શાંત બેઠેલા જોઈ એક જણે તેમને પૂછ્યું: "સાંઈ, આપ પણ રસ પડે એવી કોઈક વાત કરો ને! બધાંને મજા પડશે."

ફકીર કહે: "ભાઈ, મને એવી કોઈ રસની વાત કરતાં આવડતું નથી! પણ હાં, મને આ વખતે ભારેમાં ભારે રસની એક બાબત લાગે છે; અને મને આશા છે કે, તમને બધાંને પણ એમાં રસ પડશે. એ બાબત એ છે કે, મને ભૂખ લાગી છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
ફકીરની આ વાત સાંભળીને બધાંએ મશ્કરી કરવાનું બંધ કરી દીધું અને તેઓ ફકીરને જમાડવાની તૈયારીમાં પડ્યાં.

ઘરધણીએ ફકીરને કહ્યું : "સાંઈબાબા, થોડી વાર થોભી જાઓ, તો અમારો નોકર આપ માટે મીઠાઈ જેવું કંઈ બનાવીને લઈ આવે."

ફકીરે કહ્યું : "મીઠાઈ માટે મને બેસાડી રાખવાની કશી જરૂર નથી. ભૂખ્યા માણસને માટે સૂકીપાકી રોટી પણ મીઠાઈ બરોબર જ છે."

૪૬

અબદુલ અઝીઝ નામના એક રાજાના કુંવર ઉમર પાસે એક વીંટી હતી. એ વીંટીમાં ખૂબ કીમતી હીરો હતો.

જ્યારે તે પ્રદેશમાં દુકાળ પડ્યો ત્યારે ઘણા લોકો ભૂખે મરવા લાગ્યા. આ જોઈને રાજકુમાર ઉમરે એ વીંટીમાંનો હીરો વેચી નાખ્યો અને એમાંથી જે મળ્યું એ બધું ગરીબોને વહેંચી દીધું.

એટલે એક અધિકારીએ કહ્યું : "શાહજાદાસાહેબ, આપે આવો કીમતી હીરો શા માટે જતો કર્યો? આવો બીજો હીરો હવે મળે એમ નથી!"

રાજકુમારે ભીની આંખે કહ્યું : "હું ભૂખે મરતા માણસો કરતાં હીરા વિનાની વીંટી વધારે પસંદ કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
જ્યારે માણસો બીજાને મરતા જોય ત્યારે એમને જીવનની સુંદરતા કયાંથી ગમે?"

૪૭

એક રાજા બહુ સારી રીતે રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં કોઈને પણ અન્યાય કરવામાં આવતો ન હતો. એ રાજાની કુશળ રાજનીતિને લીધે તે તેના પૂર્વજો કરતાં પણ વધારે ખ્યાતિ પામ્યો.

એક દિવસ ઘડપણમાં તે એક ફકીરની પાસે જઈને કહેવા લાગ્યો: "મારી જિંદગી નકામી પસાર થઈ ગઈ! મારા જેવો કમનસીબ કોઈ નથી. જ્યારે આ દુન્યવી માનમરતબો જતો રહેશે, ત્યારે સાધુપુરુષ જ યોગ્ય એવું મેળવીને ઊભો રહી શકશે. તેથી મારો એવો વિચાર થાય છે કે, મારે પણ હવે રાજકાજનું કામ છોડી દઈને ઘરડે ઘડપણ તમારા જેવા સંતપુરુષની છત્રછાયામાં બેસીને ખુદાનું સ્મરણ કરવું જોઈએ."

એ સાંભળીને ફકીરે કહ્યું: "રાજાજી, હવે વધુ કશું બોલશો મા. તમે જેમ રહો છો, એ જ બરાબર છે. રાજા માટે પોતાની પ્રજાનું સારી રીતે રક્ષણ કરવું એ જ ખરો ધર્મ છે; ફકીરની તૂટીફૂટી સાદડી પર બેસીને માળા ફેરવવી એ તેમનો ધર્મ નથી. રાજગાદી પર બેસી તમે સાચા ન્યાયી રાજા જેવું વર્તન રાખજો અને તમારા બાનગી જીવનમાં સાધુપુરુષ જેવું પ્રભુપરાયણ જીવન જીવજો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વાર એક ફકીર મક્કાની હજ કરવા જતો હતો. તેની પાસે પૂરતાં કપડાં ન હતાં. વળી પગમાં જોડા પણ ન હતા. પરંતુ તે તો ખુદાનું નામ લઈ આનંદથી મુસાફરી કરતો હતો.

એવામાં તેને રસ્તામાં એક શ્રીમંત માણસ મળ્યો. તે ઊંટ પર સવારી કરતો હતો. ફકીરને આ રીતે કશી સગવડ વિના મુસાફરી કરતો જોઈને તેની દયા ખાઈ એ બોલ્યો: "અરે ફકીરબાબા, તમે અહીંથી જ પાછા ફરો. આગળ રેતીનું રણ આવશે; એમાં તમે શી રીતે મુસાફરી કરી શકશો? નાહક તમે તાઢ-તાપથી હેરાન થઈ મરણ પામશો."

પરંતુ ફકીરે તો ખુદા પર ભરોસો રાખી મુસાફરી કરવાનું ચાલુ રાખ્યું.

હવે રસ્તામાં એવું બન્યું કે, પેલો શ્રીમંત માણસ એકાએક મરણ પામ્યો!

આ વાતની પેલા ફકીરને ખબર પડી, ત્યારે તે એના જનાજા પાસે આવીને બોલ્યો: "હે ખુદા, તારો ખેલ અજબ છે! એક વાર એક માણસ પોતાના બીમાર મિત્રના ખાટલા પાસે આખી રાત તેની ચિંતા કરતો બેસી રહ્યો હતો. પણ સવારે તે એકાએક મરણ પામ્યો અને બીમાર મિત્ર સાજેસમો થઈ ગયો! ખરેખર, કેટલાય તેજી ઘોડાઓ રસ્તામાં અધવચ્ચે પડી ભાંગે છે, જ્યારે લંગડું ગધેડું ધીમે ધીમે મુકરર કરેલા મુકામે પહોંચી જાય છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૯

એક વૃદ્ધ માણસે એક યુવતી સાથે લગ્ન કર્યાં.

એક દિવસે તે વૃદ્ધ પુરુષે પોતાની જુવાન પત્નીને કહ્યું : "તારાં લગ્ન મારા જેવા સમજદાર વૃદ્ધ માણસ સાથે થયાં છે એ તારું મોટું સદ્‌ભાગ્ય સમજ. મેં બહુ જમાનો જોયો છે. કપરાં દુઃખોનો પણ અનુભવ કર્યો છે. સારા માણસ તરીકે મારી નામના પણ થઈ છે. જો તારાં લગ્ન કોઈ જુવાનિયા સાથે થયાં હોત, તો તું બરોબર હેરાન-પરેશાન થઈ જાત. કદાચ તે લંપટ જુવાનિયો તને ઘરમાં એકલી રડતી મૂકીને બીજી પરાઈ ઓરતની પાછળ ભમરાની પેઠે ભટકચા કરતો હોત; તેથી તું કેટલી દુઃખી થાત એનો તું જ વિચાર કર."

પોતાના વૃદ્ધ પતિની આવી મોટી મોટી વાતો સાંભળીને પેલી યુવતી ઊંડો નિસાસો નાખીને બોલી : "આપે બહુ જ સારી સારી વાતો કરી. પરંતુ મને તો મારી દાઈએ કહેલી વાત જેટલી ગમી છે, એટલી આપની એકેય વાત ગમી નથી. મારી દાઈએ કહ્યું હતું : જુવાન સ્ત્રીને તાતા તીરનો ઘા એટલો દુઃખી કરતો નથી જેટલો વૃદ્ધ પતિનો સહવાસ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૦

એક વિદ્વાને કહ્યું છે : "દુનિયામાં પોતાની મૂર્ખાઈનો પોતાની મેળે જ સ્વીકાર કરનાર કોઈ માણસ હોય તો તે એ જ માણસ છે જે કોઈ માણસની વાત પૂરી થાય એ પહેલાં વચમાં બોલી ઊઠે છે."

૫૧

એક રાજાને એક માણસે કહ્યું : "રાજાજી, આપ ચીનમાં વણેલા રેશમનો ડગલો બનાવો તો સારું. આપ જેવા મોટા માણસોએ પોતાની પ્રતિષ્ઠા પ્રમાણે ઠાઠમાઠ રાખવો જોઈએ. આપ જેવા ભાગ્યશાળી માટે બીજું ન જ શોભે."

રાજાએ શાંતિથી જવાબ આપ્યો : "જે ડગલો હું પહેરું છું તેથી મારા શરીરનું રક્ષણ થઈ રહે છે. મારે એ જ જોઈએ. આ કરતાં કંઈ વધારે ધારણ કરું તો એ શણગાર સજવા બરોબર ગણાય. મારી પ્રજા પાસેથી હું જે કર ઉઘરાવું છું, એ કંઈ મારી જાતને શણગારવા માટે હું નથી ઉઘરાવતો. જો હું સ્ત્રીની માફક મારી જાતને શણગારવા પાછળ પડું, તો હું પુરુષની માફક શી રીતે વર્તી શકું અને મારા શત્રુઓને શી રીતે માત કરી શકું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
મારા અન્નનાથા જે કુછ ધન લેતુ થાય છે તે સરકરના પોષણ માટે, રાજ્યની આબાદી માટે અને પ્રજાની સલામતી માટે છે; મારી જાતને શણગારવા માટે નથી."

૫૨

એક વાર મારી દશા ખૂબ કંગાલ થઈ ગઈ. જોડા ખરીદવા માટે પણ મારી પાસે પૈસા ન હતા.

મારી આવી ખરાબ હાલત જોઈને મારું દિલ રડી ઊઠ્યું. મને થયું, "હે ખુદા, આ તે તારો કેવો ન્યાય! હું તને રોજ યાદ કરું છું, અને મને જ આવી કંગાલ દશામાંથી પસાર થવું પડે છે!"

આમ વિચાર કરતો, મારા પોતાના જ દુઃખને યાદ કરી દુઃખી થતો હતાશ દિલે હું મસીદમાં નમાજ પઢવા ગયો. ત્યાં મસીદ પાસે એક લૂલા માણસને ભીખ માગતો મેં જોયો.

એને જોઈને મારી આંખો ઊઘડી ગઈ. આ ગરીબ માણસના દુઃખની સરખામણીમાં મારું દુઃખ તો સાવ નકામું હતું! હું નમાજ પઢી અલ્લાનો અહેશાન માનતો બોલ્યો: "હે પરવરદિગાર, મારી બેઅદબી માફ કરજે. તેં મારા પર ઘણી રહેમ કરી છે કે, મારા આ બે પગ સાબૂત રાખ્યા છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૩

ઈરાનના બાદશાહ નૌશેરવાનના દરબારમાં એક વાર રાજ્યના બધા પ્રધાનો મળીને વિચારણા કરતા હતા. તે વખતે એક વયોવૃદ્ધ અને અનુભવી પુરુષ પ્રમુખસ્થાને બેઠા હતા. તે બા પ્રધાનોની વાતો સાંભળતા હતા; પરંતુ કશું બોલતા ન હતા.

પ્રમુખસાહેબને આમ મૌન ધારણ કરીને બેઠેલા જોઈને એક પ્રધાને કહ્યું: "બાબા, આપ કેમ કશું બોલતા નથી? અમારી કયાંક ગફલત થતી હોય તો આપને એ તરફ અમારું ધ્યાન બેંચવાનો અધિકાર છે. માટે આપ પણ અમારી વાતચીતમાં ભાગ લો તો સારું."

એ સાંભળીને પ્રમુખ બોલ્યા: "મારા જેવા અધિકારીઓ હકીમની સમાન છે. હકીમ બીમાર માણસને જ દવા આપે છે. એ પ્રમાણે તમે જે વિચારો છો એમાં કયાંય બામી જેવું મને લાગતું નથી; તેથી જો હું તમારી વાતચીતમાં વચ્ચે પડું તો એ યોગ્ય ન કહેવાય. મારી દરમિયાનગીરી વગર કામ બરોબર ચાલતું હોય તો મારે માટે શાંત બેસવું જ યોગ્ય છે. પરંતુ જો હું કોઈ બંધ માણસને બાડામાં પડતો જોઉં અને હું એને મદદ કરવાને બદલે મૂંગો બેસી રહું, તો એ મને જરાયે ન શોભે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫૪

એક રાતે હું મારી જિંદગીના વીતી ગયેલા સમયનો વિચાર કરવા લાગ્યો : "અરે સાદી! તારી જિંદગીનાં પચાસ વર્ષ વહી ગયાં, છતાં તું હજી નિદ્રામાં પડયો છે? હવે થોડા જ દિવસ બાકી રહ્યા છે. માટે તું સચેત થા. ભલા તથા બૂરા એ બંનેને આખરે મરવાનું તો છે. ભલા તો તે છે જે આ દુનિયામાંથી ભલાઈ લઈ જાય છે. જીવન એ તો બરફ સમાન છે. તેના ઉપર સૂર્યનો સખત તાપ પડી રહ્યો છે, તેથી બરફ સમાન જીવન પીગળી રહ્યું છે; અને હજી તું મગરૂરીમાં પડી રહ્યો છે?"

આવા વિચાર આવતાં મેં નિશ્ચય કર્યો કે એકાંતમાં જઈને બેસું. લોકોની સાથે બેસી અર્થ વિનાની નકામી વાતો કરવામાં વખત ન ગુમાવું. મને થયું :—

"જીભ પોતાના કાબૂમાં ન હોય, તેના કરતાં તો જીભ કાપી નાખી મૂગાં થઈ ખૂણામાં બેસી રહેવું બહેતર છે."

૫૫

એક બુદ્ધિશાળી વૃદ્ધ પિતા પોતાના છોકરાઓને રોજ સમજાવતા હતા કે, "બેટા, વિદ્યા શીખો. આ દુન્યવી ધનધાન્ય કે માનમરતબા પર ભરોસો ન રાખશો. તમે ભલે કેટલાય મોટા હોદ્દા પર હશો, પણ તમારા દેશની બહાર એ કશું કામ ન આવે. અને ધન ચાલ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



જશે એવો ડર હંમેશાં રહે જ છે; તેને કોઈ ચોર એકસામટું ચોરી જાય અથવા તે ધીમે ધીમે ખરચાઈ જાય. પરંતુ વિદ્યારૂપી ધન કદી ખૂટતું નથી અને જો કોઈ વિદ્વાન નિર્ધન બની જાય; તોપણ તે દુઃખી થશે નહીં. કારણ કે તેની પાસે વિદ્યારૂપી દ્રવ્ય મોજૂદ છે.

"એક વખત દમિશ્ક શહેરમાં રાજ્યપલટો થયો, ત્યારે કિસાનોના બુદ્ધિશાળી છોકરાઓ પ્રધાનો થયા અને જૂના પ્રધાનોના મૂર્ખ છોકરાઓ ગલી ગલીએ ભીખ માગતા ભટકવા લાગ્યા!

"જો તમે પિતાનો સાચો વારસો ચાહતા હો, તો પિતાના સદ્‌ગુણો જીવનમાં ઉતારતાં શીખો. ધન વગેરેનો દુન્યવી વારસો તો ચાર દિવસનું ચાંદરણું છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મુકુલભાઈનાં અન્ય પુસ્તકો

બોધક ટીકડીઓ	(સચિત્ર)	૦-૧૨-૦
શીલ અને સદાચાર	(સચિત્ર)	૦-૬-૦
જાણવા જેવી વાતો	(,,)	૦-૬-૦
પચાસ પ્રેરક પ્રસંગો		૦-૧૦-૦
ચીન દેશનાં કથાનકો		૦-૧૦-૦
મોટાં માણસોનાં મન	(સચિત્ર)	૦-૯-૦
ભક્તરાજ	(,,)	૧-૦-૦
પ્રતિભાનું પોત	(,,)	૦-૬-૦
માનવજીવનનું ઝવેરાત	(,,)	૦-૬-૦
જીવન અને મરણ	(,,)	૦-૬-૦
ધર્મ-સંસ્થાપકો	(,,)	૦-૬-૦
સંત-સમાગમ	(,,)	૦-૬-૦

પ્રાપ્તિસ્થાન

નવજીવન કાર્યાલય

અમદાવાદ ૧૪ - મુંબઈ-૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar